# અરવલ્લીમાં વરસાદે વિકાસના કામોની પોલ ખોલી

### છીટાદરા પાસે ૬ મહિના અગાઉ કરોડોના ખર્ચે બનાવેલ પુલ ધરાશાયી સ્થિતિમાં : રેલ્લાવાડા ઈસરી નજીક મુખ્ય રોડ અને પુલિયું ઝોખમી : જીલ્લાના કેટલાક કોઝવે પાણીમાં તણાયા

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જીલ્લામાં



વિકાસના કામોની કરોડો રૂપિયાની ગ્રાન્ટમાંથી જિલ્લાનો વિકાસ નહિવત અને અધિકારીઓ, કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટરોના ખિસ્સાનો વિકાસ વિપુલ પ્રમાણમાં થઈ રહ્યો છે. વિકાસના કામોમાં ભ્રષ્ટાચારની ઉધઈ લાગતા જિલ્લાનો વિકાસ રૂંધાઈ ગયો છે. શનિવારે અને રવિવારે ખાબકેલા ધોધમાર વરસાદે ધોરીમાર્ગ અને કોઝવે અને પૂલનોના કામોમાં થયેલા ભ્રષ્ટાચારને નોધારો કરી દેતા પ્રજાજનોમાં ભારે રોષ ફેલાયો હતો. મેઘરજના આદપુર નજીક કરોડો રૂપિયાના ખર્ચે બનાવેલ પુલ ધરાશાયીની સ્થિતિમાં પુલના બે બીમ ડેમેજ થતા ભારે અફડાતફડી મચી હતી અને વાહનવ્યવહાર અટકાવી દીધો હતો. જીલ્લાના ધોરીમાર્ગો પરથી ભ્રષ્ટાચારના પોપડા ઉખડતાં ઠેર ઠેર ગાબડાં પડ્યા હતા.

અરવલ્લી જીલ્લામાં કરોડો રૂપિયાના ખર્ચે વિકાસના કામોમાં ધોરીમાર્ગ, પુલ, કોઝવે, આરસીસી રોડ, ચેકડેમ, જળસંચય અભિયાન અંતર્ગત તળાવો ઉંડા કરવાના કામોમાં ભારે ભ્રષ્ટાચાર આદરી વિકાસના કામો અધિકારીઓ અને મીલીભગતથી કામમાં સિમેન્ટ, રેતી, લોંખડની જગ્યાએ લોટ, લાકડા અને પાણી વાપરી કામ આટોપી લેવામાં નિપુણતા ધરાવે છે. વિકાસના કામો ચાલતા હોય ત્યારે હલકી કક્ષાના ગુણવત્તા વગરના કામો અંગે જે તે જવાબદાર તંત્રમાં રજુઆત કરવા છતાં અધિકારીઓ કોન્ટ્રાક્ટર સામે યોગ્ય પગલાં ભરવાના બદલે છાવરતા હોવાથી જીલ્લાના વિકાસના કામો પ્રજાજનો માટે સગવડ રૂપના બદલે અવગવડ ઉભી કરી રહ્યા છે. મેઘરજ છીટાદરા ગામે ૬ મહિના અગાઉ કરોડો રૂપિયાના ખર્ચે બનેલ પુલના બે બીમ ધરાશાયી થતા ભ્રષ્ટાચારની પોલ ખુલ્લી પડતા જાગૃત નાગરિકો દ્વારા પુલના ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા જવાબદાર તંત્ર અને કોન્ટ્રાક્ટર સામે વિજલન્સ દ્વારા તપાસ કરવાની માંગ ઉઠી છે. જીલ્લાના મેઘરજ અને ભિલોડા મોડાસા પંથકના મોટાભાગના કોઝવે પર પાણી ફરી વળતા ભારે નુકશાન સહીત જનજીવન પ્રભાવિત બન્યું હતું.

## અરવલ્લીની માજુમ અને મેશ્વો નદીમાં ઘોડાપૂર

અરવલ્લી જિલ્લાના તાલુકાઓમાં સારા વરસાદને કારણે જિલ્લાની માજુમ અને મેશ્વો નદીના કોઝવે પર પાણી ફરી વળ્યાં છે. શિણોલ પાસે માજુમ નદી પરના પાંચ ગામના વાહનવ્યવહારને અસર પહોંચી છે. અહીં રસ્તા પર પાણી ફરી વળ્યા છે. તો મહાદેવગ્રામ-ગોખરવા પાસે મેશ્વો નાદીના કોઝવે પર પાણી ફરી વળવાને કારણે ૧૫ ગામનો વાહન વ્યવહાર બંધ થઈ ગયા છે. વિદ્યાર્થીઓને શાળામાં જવામાં મુશ્કેલી પડી રહી છે. બંને નદીઓના નીચાણવાળા વિસ્તારમાં આવતા ૪૯ ગામોને હાલ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. સુનોખ-શોભાયડા ગામના કોઝવે ધોવાતાં ત્રણ ભેંશો પાણીના ધમધમતા પ્રવાહમાં તણાતા પશુપાલકની હાલત કફોડી બની હતી.





## કોંગ્રેસ શાસિત મોડાસા તાલુકા પંચાયતની સામાન્ય સભામાં પ્રથમ ગ્રાસે મક્ષિકા

### કોંગ્રેસના ૯ અને બીજેપીના ૬ સદસ્યો ગેરહાજર રહેતા સામાન્ય સભા નોન કોરમ

મોડાસા, તા. ૨૪

સ્વરાજયની ચૂંટણીમાં કોંગ્રેસને પ્રજાનોએ ખોબલે ખોબલે મત આપી અરવલ્લી જીલ્લા પંચાયત અને તાલુકાની ૫ પંચાયતનું સુકાન સોંપ્યું હતું અઢી વર્ષ સુધી મોડાસા તાલુકા પંચાયતમાં કોંગ્રેસ તાલુકા પંચાયતના સદસ્યોની નારાજગી ખાળવામાં સફળ રહ્યા બાદ અઢી વર્ષ માટે પ્રમુખની વરણી અને સમિતિઓની રચનાને લઈ ડખો પડતા માંડ માંડ કોંગ્રેસના સદશ્યોને મનાવવામાં સફળ રહ્યા બાદ મહિલા પ્રમુખની વરણી પછી તાલુકામાં વિકાસના કામોને લઈને તાલુકા વિકાસ અધિકારી અને પ્રમુખના અધ્યક્ષસ્થાને મળેલી સામાન્ય સભામાં કોંગ્રેસના ૯ અને ભાજપના ૬ સદશ્યો ગેરહાજર રહેતા કોંગ્રેસ પક્ષ અને પ્રમુખ માટે પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો ઘાટ સર્જાયો હતો. સામાન્ય સભા માટે ૧૨ સદશ્યો અનિવાર્ય હોવાથી પૂરતા સદશ્યોના અભાવે સામાન્ય સભા નોન કોરમ કરવામાં આવતા જીલ્લાના રાજકારણમાં ગરમાવો



આવી ગયો હતો. કોંગ્રેસના નારાજ સદશ્યો બીજેપીમાં જોડાવાની ચર્ચાઓએ જોર પકડ્યું હતું.

મોડાસા તાલુકા પંચાયતના ૯ સદશ્યોની નારાજગી બહાર આવતા નવનિયુક્ત પ્રમુખના અધ્યક્ષસ્થાને મળેલી સામાન્ય સભામાં ઉપસ્થિત ના રહેતા સામાન્ય સભા નોન કોરમ થઈ હતું. સામાન્ય સભામાં ૧૨ સદશ્યો પણ હાજર ન રહેતા સામાન્ય સભા મુલત્વી રાખવી પડી હતી. કોંગ્રેસના નારાજ ૯ સદશ્યો તેમને ગ્રાન્ટ ફાળવવામાં અને વિકાસના કામોમાં યોગ્ય ન્યાય મળતો ન હોવાની સાથે તાલુકા પંચાયત સદ્શ્યની જાણ બહાર તેમના વિસ્તારમાં બરોબર કામ થતા હોવાનો ગંભીર આરોપ પણ લગાવ્યા હતા. તેમને અઢી વર્ષ થવા છતાં મિટિંગ ભથ્થા પણ આપવામાં આવ્યા નથી, તેમના વિસ્તારમાં પ્રજાજનોનો પ્રશ્નોના જવાબ પણ આપવાની સ્થતિમાં ન રહેતા ન છૂટકે સામાન્ય સભાથી દૂર રહેવાનો નિર્ણય કર્યો હોવાનું કોંગ્રેસના તાલુકા પંચાયતના સદશ્યોએ જણાવ્યું હતું. બીજીબાજુ કોંગ્રેસથી નારાજ તાલુકા પંચાયત સદશ્યો ભાજપ સાથે જોડાવાના અને ભાજપના સદશ્યો કોંગ્રેસના સદશ્યોને ઉઠાવી ગયા હોવાની વાતો વહેતી થતા જીલ્લાના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો હતો. આગામી સમયમાં મોડાસા તાલુકા પંચાયતમાં કઈ નવા જૂની થવાના એંધાણ વર્તાઈ રહ્યા હોવાનું રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે.

## હિંમતનગર પાલીકાના વિરોધ પક્ષના નેતા નિમાયા

હિંમતનગર નગરપાલીકામાં વિરોધ પક્ષના નેતાની ખાલી પડેલી બેઠક પર તાજેતરમાં પ્રદેશ કોંગ્રેસના મોવડીઓએ અન્ય એક જાગૃત કોર્પોરેટરની નિમણુંક કરવામાં આવી છે. જે મુજબ લઘુમતી સમાજના તથા પાલીકામાં કોર્પોરેટર તરીકે ચૂંટાયેલા અને સામાન્ય સભામાં પ્રજાલક્ષી પ્રશ્નોને વાચા આપતા ઈમરાન બાદશાહની વિરોધપક્ષના નેતા તરીકે નિમણુંક કરવામાં આવી છે.

## કાંકણોલ પાસે અજાણ્યા વાહને ટક્કર મારતા એકનું મોત

હિંમતનગર તાલુકાના કાંકણોલ ગામની સીમમાંથી શનિવારે પસાર થઈ રહેલ એક અજાણ્યા વાહનચાલકે આશરે ૪૫ વર્ષના અજાણ્યા પુરૂષને હડફેટે લઈ ટક્કર મારી ગંભીર ઈજા પહોંચાડી તેનું મોત નિપજાવી વાહનચાલક ભાગી ગયો હતો. જે અંગે હિંમતનગરના બાબુલાલ કિશનલાલ નાયીએ રવિવારે હિંમતનગર એ. ડીવીઝન પોલીસસ્ટેશનમાં જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## હિંમતનગરની સમર્પણ સોસાયટીમાં ચોરી થતા ફરીયાદ

હિંમતનગરના ડેમાઈ રોડ પર આવેલ સમર્પણ સોસાયટીના એક મકાનમાંથી રવિવારે અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરી તિજોરીમાંથી સોના ચાંદીના દાગીના, કપડા તથા રોકડા મળી અંદાજે રૂ. ૪૩ હજારની મત્તાની ચોરી કરી ગયાની ફરીયાદ રવિવારે હિંમતનગર એ. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવા પામી હતી.

ડેમાઈ રોડ પર આવેલ સમર્પણ સોસાયટીના મકાન નં. ૩માં રવિવારે વહેલી પરોઢે અજાણ્યા શખ્સોએ ઘરમાં પ્રવેશ કરી અડધા તોલા સોનાના રૂ. ૧૦ જારના પાટલા, રૂ. ૬ હજારની સોનાની વીંટી, રૂ. ૨ હજારની ચુની તથા ચાંદીના પગમાં પહેરવાના પાયલ, ઝાઝર તથા બે તોલા ચાંદી અને ૪ હજાર રોકડ ઉપરાંત રૂ. ૧૨ હજારના કપડા મળી અજાણ્યા શખ્સો રૂ. ૪૩ હજારની મત્તાની ચોરી કરી ગયા હતા.



## જય જલિયાણ કેમ્પની પૂર્ણાહુતિ

ભાદરવી પૂનમનો મેળો અંતિમ ચરણમાં છે. ત્યારે સૌથી મોટા સેવા કેમ્પ તરીકે જાણીતા જય જલિયાણ સેવા કેમ્પ દાંતા-રતનપુરમાં પાંચ દિવસમાં અઢી લાખ માઈ ભક્તોએ ભોજન-પ્રસાદનો લાભ લીધો હતો. હજારો માઈ ભક્તોએ આરામકક્ષમાં વિસામો લીધો હતો. સેવા કેમ્પમાં છેલ્લા ૧૨ વર્ષથી મિષ્ઠાન સાથે ભોજન, આરામની સુવિધા અને મેડિકલ સેવા, ન્હાવા ધોવાની સગવડ પૂરી પાડવામાં આવે છે. કેમ્પના અંતિમ દિવસે ગુજરાત રાજ્યના મંત્રી પરબતભાઈ પટેલે કેમ્પની મુલાકાત લીધી હતી. સૌ પ્રથમ કેમ્પની સમગ્ર વ્યવસ્થા નિહાળ્યા બાદ પદ યાત્રિકોને ભોજન પિરસ્યું હતું અને મા અંબેની આરતી ઉતારી હતી. મંત્રી પરબતભાઈ પટેલે સેવા કેમ્પના આયોજકો અને સમગ્ર જય જલિયાણ સેવા કેમ્પની ટીમની કામગીરીની પ્રશંસા કરી હતી. વરસાદી માહોલ વચ્ચે જય જલિયાણ કેમ્પમાં મોડી રાત સુધી રાસ-ગરબાની રમઝટ જામી હતી. કેમ્પના આયોજક હિતેષભાઈ ઠક્કર, દિપકભાઈ ઠક્કરે તમામનો આભાર માન્યો હતો.

## ઉમેદપુર દધાલીયા ગામે આવેલા સ્વયંભુ ખંડુજી મહાદેવનો ભવ્ય મેળો ભરાયો

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ઉમેદપુર-દધાલીયા ગામે છેલ્લા ૨૫૦ વર્ષોથી ભાદરવા મહિનાના દર બીજા રવિવારે આ ઉમેદપુર દધાલીયા ગામે આવેલ સ્વયંભુ ખંડુજી મહાદેવનો ભવ્ય મેળો ભરાય છે. લોકોની માનેલી માનતા પૂરી થતી હોવાથી લોકો મોટી સંખ્યામાં આ સ્વયંભુ ખંડુજી મહાદેવના મંદિરે દર્શન કરવા માટે આવે છે.

આજે ઉમેદપુર દધાલીયા ગામે આવેલ સ્વયંભુ ખંડુજી મહાદેવનો મેળો ભરાયો હતો જેમાં અરવલ્લી, સાબરકાંઠા અને મહીસાગરના લોકો મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. ગામ લોકો ધ્વારા આવેલા લોકો માટે ચા-નાસ્તાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. સ્વયંભુ ખંડુજી મહાદેવ ભગવાનના આ મેળામાં લોકો ભગવાનના દર્શન કરવા માટે ઉમટી પડ્યા હતા. સાથે ભજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

મેળામાં લોકો મોટી સંખ્યામાં મેળાની મજા માણી હતી. બાળકો વડીલો સહુ આ મેળામાં આવ્યા હતા. મેળાના આગળના દિવસથી જ ધોધમાર વરસાદ શરૂ થયો હતો તેમ છતાં ચાલુ વરસાદે લોકો મોટી સંખ્યામાં દર્શન કરવા માટે ઉમટી પડ્યા હતા અને અરવલ્લીની ગીરીમાંરાઓ શ્રી ખંડુજી મહાદેવના નાદથી ગુંજી ઉઠી હતી.

## પ્રાંતિજના લીમલા ડેમમાં ખેડૂતોની રજૂઆત બાદ પાણી છોડાતા ખેડૂતોમાં ખૂશી

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કતપુર લીમલા પાસે આવેલ લીમલા ડેમ વગર વરસાદે ખાલીખમ રહેતા સુજલામ્-સુફલામ્ કેનાલ મારફતે ડેમમાં પાણી ભરવાની માંગ સાથે રજુઆતો બાદ પણ ખેડૂતોની માંગ ના સ્વિકારાતા હોબાળો મચાવ્યો હતો.

આ વર્ષે નબળા ચોમાસાને લઈને જિલ્લા સહિત પ્રાંતિજ





તાલુકાઓમાં આવેલ ગામોમા તળાવો મોટા ભાગના ખાલીખમ છે તો પ્રાંતિજના લીમલા ખાતે આવેલ ૩૫થી વધારે ગામોના જીવાદોરી સમાન લીમલા ડેમ પણ કોરોધાકોર રહેતાં ૩૫ ગામોના ખેડૂતો દ્વારા લેખિતમાં તથા મૌખિકમાં સરકારને તથા સ્થાનિક ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારને પણ રજુઆતો કરી હતી અને ડેમ પાસે બનાવેલ સાયફર પાસે આવીને હોબાળો કર્યો હતો. સુજલામ સુફલામ અધિકારીઓ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી તો પોલીસની સમજાવટ બાદ મામલો થાળે પડયો હતો. ખેડૂતો દ્વારા સ્થાનિક ધારાસભ્યને ફરી રાત્રીના સમયે રજુઆત કરતાં ધારાસભ્ય દ્વારા ઉપર રજુઆત કરતા આજે લીમલા ડેમમાં સુજલામ્ સુફલામ્ કેનાલ દ્વારા ધારાસભ્ય જાતે આવી પાણીના વધામણા કરી પાણી ડેમમાં છોડાતા ૩૫થી પણ વધારે ગામોના ખેડૂતોમા ખુશી જોવા મળી હતી. ડેમમાં પાણી છોડાતાં પશુંઓ સહિત તૈયાર થયેલ પાકને પણ જીવતદાન મળશે અને પાસે આવેલ બોર કુવાઓમાં પણ પાણીના તળ ઉંચા આવશે ત્યારે હાલ તો ખેડૂતની રજુઆત રંગ લાવી છે તેમ કહીએ તો નવાઈ નહી.

## રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાત્મક વિકસાવી રહ્યા છે યુનિક-યુ સ્કૂલના વિદ્યાર્થીઓ

યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલ, ઈડર ગ્રામ્ય વિસ્તારનાં બાળકોને ૨૧મી સદીમાં જરૂરી કૌશલ્યો વિકસાવી સમયની માંગ પ્રમાણે સજ્જ કરતી વિશિષ્ટ સ્કૂલ છે. અહીં પ્રાથમિક કક્ષાએથી જ સ્પર્ધાત્મક પરીક્ષાઓની વિશેષ તૈયારી કરાવવામાં આવે છે. તાજેતરમાં યુનિક-યુ સ્કૂલનાં અંગ્રેજી તથા ગુજરાતી બંને માધ્યમનાં વિદ્યાર્થીઓએ નાટ, જીકે આઈ ક્યુ ટેસ્ટ, આઈએસઓ તથા ગાયત્રી પરિવાર અને ભારત વિકાસ પરિષદની 'ભારત કો જાને' પરીક્ષા આપી છે. આ પરીક્ષાઓ માટે શાળામાં પદ્ધતિસરનું વિશેષ કોચિંગ પણ આપવામાં આવે છે. વાલીગણને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે આ કોચિંગ ખૂબજ ઉપયોગી લાગ્યું.

## તલોદમાં ઠેર ઠેર દુંદાળાદેવની અશ્રુભીની શોભાયાત્રાથી વિદાય

તલોદ, તા. ૨૪

તલોદમાં ગણેશચતુર્થીથી શુભારંભ થયેલ વિઘ્નહર્તા દેવની સતત દસ દિવસ ભાવ ભક્તિમય માહોલમાં અશ્રુભીની શોભાયાત્રા કાઢી વિદાય આપી હતી. તલોદમાં દિન-પ્રતિદિન વધતી શિવપુત્રની મહિમાં ગણેશમય વાતાવરણ ઉભી કર્યુ હતુ. ગલી, મહોલ્લાઓ, શેરીઓ, જાહેર માર્ગો, સોસાયટીઓ અને ઘર-ગથ્થુ અઢળક દુંદાળાદેવની પૂજા-અર્ચનાથી આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વક્તુડ મહામયની વ્યાપક વધારો જોવા મળ્યો હતો.

સમગ્ર દુઃખોનું નિવારણ એવા રિદ્ધિ-સિદ્ધિના દેવનું તલોદ તેમજ આજુબાજુના વિસ્તારોમાંથી ટ્રેક્ટર ટ્રોલીઓ, ઊંટલારીઓ, ટેમ્પાઓ તેમજ માથા પર ભક્તો નગરમાં શોભાયાત્રા ડી.જે. સાઉન્ડના તાલે કાઢી એકદંત મહારાજની અસીમ કૃપા મેળવી હતી. પૂજા-અર્ચના મહાઆરતી અને મંત્રોચ્ચારથી મોદકપતિને રિઝવવાની કોશિષ ભક્તોએ કરી હતી. આસ્થાના પ્રતિકરૂપે વિઘ્નહર્તાની શોભાયાત્રામાં એકાએક મેઘરાજાની



પધરામણી થતા ભક્તોમાં લાગણી અને આસ્થાની ભક્તિ જાગી હતી. ભિના વસ્ત્રો આંખમાં આસુ અને દિલોમાં બાપા મોરિયાના ઊંચા સ્વરોના ભાવથી ગગનચુંબી વાતાવરણમાં અગલે બરસ જલ્દી આના ની માંગણી કરાઈ હતી. ગળાડુબ પાણીમાં ડુબેલા ગજાનંદને ભક્તો બાપા મોરિયાના અનેક નામોથી સંબોધી મહારાષ્ટ્ર જેવો માહોલ ઉભો કર્યો હતો.

માતા ઊમાના લાડકવાયાની નગરયાત્રામાં લાકડીઓ, તલવારો, કસરતબાજો, નિત નવા નૃત્યો કરી યુવકમંડળો દ્વારા જુદા જુદા બાપાના ડ્રેસોમાં સજ્જ થઈ કસ્ટઓનું ધામધૂમથી મોડી રાત્રી સુધી પૂજા-અર્ચના કરી રાસ-ગરબા, ચા-નાસ્તો અને લાણી જેવું કાર્ય કરી પોત પોતાના મંડળોમાં ભક્તોનું ઘોડાપુર એકત્ર કર્યુ હતુ. વિદાય બાદ મહાપ્રસાદી સાથે ઠેર ઠેર ગણેશ મહોત્સવ સંપન્ન કરાયું હતું.





## બાયડ તાલુકાના બોરડી ગામે કલેક્ટર દ્વારા રાત્રિ રોકાણ કાર્યક્રમ યોજાયો

બાયડ તાલુકાના બોરડી ગામ ખાતે કલેક્ટરના અધ્યક્ષસ્થાને પ્રા. શાળા ખાતે રાત્રિ રોકાણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કલેક્ટર દ્વારા મુલાકાત લઈને ગ્રામજનોના પ્રશ્નો સાંભળી તેનો સકારાત્મક નિકાલ થાય અને ગ્રામજનોની પ્રજાની માંગણીઓ પુરી થાય તે માટે જિલ્લાના સંકલનના અધિકારીઓને જરૂરી સૂચના આપી માર્ગદર્શન પુરૂ પાડવા જણાવ્યુ હતુ તેમજ ગ્રામજનોને મતદાર જાગૃતિ કાર્યક્રમ, શૈક્ષણિક આરોગ્યને લગતુ માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું તથા સરકારની વિવિધ યોજનાઓની લાભાર્થીઓના હુકમોનું કલેક્ટર દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લાના સંકલન અધિકારીઓ તેમજ ગ્રામજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.